Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-4, March-2023
www.researchguru.net

# Mahatma Gandhi's thought on Caste system

**Prof. Nisha M. Dharaiya**
M.A., M.Phil, Gslet Assistant Professor (Sociology) Shree Swaminarayan Arts College, Ahemadabad, Gujarat nishadharaiya7979@gmail.com

**પ્રસ્તાવના:**

અત્યારે ૨૧ મી સદીમાં ગાંધીજીના વિચારો કેટલા પ્રસ્તુત છે, જે વિશે અનેક મુદ્દાઓ એવા છે જેમાં આજે પણ ગાંધીજીના વિચારોનું મહત્વ સમજાય છે. હાલ ભારતમાં આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયા પછી પણ આજે પણ આપણે જ્ઞાતિ-જાતિના વાડામાંથી મુક્ત થયા નથી, ત્યારે આજે પણ મહાત્મા ગાંધીજીનાં જ્ઞાતિ વ્યવસ્થા ઉપર જે વિચારો હતા તે સાર્થક છે. "હિન્દ સ્વરાજ" પુસ્તકમાં ગાંધીજી પોતે લખે છે કે - જો સંપૂર્ણ આઝાદી જોઇએ છે તો જ્ઞાતિ જાતિ બાધથી અળગા રહેવું પડશે.

**જ્ઞાતિ વ્યવસ્થા પર ગાંધીજીનો અભિપ્રાય:-**

ગાંધીજીનું મંતવ્ય હતું કે, હિન્દુ સમાજ તેના જે તે સમયે વૈદિક સમયમાં વર્ણાશ્રમ આધારિત હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વર્ણ જ સમાજનું મુખ્ય લક્ષણ હતા અને તેના આધારે જ તેમનું જીવન, રોજગારી, પ્રતિષ્ઠા વગેરે બાબતમાં વહેંચાયેલું હતું.

ગાંધીજીએ દરેક વર્ણનને એક સામાજિક દરજ્જા વર્ગો તરીકે ઓળખાવીયા હતા. આ તમામ વ્યવસ્થા જન્મ આધારિત વ્યવસ્થા હતી, કર્મ આધારિત નહીં. ગાંધીજી પોતે સવર્ણ જ્ઞાતિના હોવા છતાં જન્મ આધારિત વ્યવસ્થાના ક્યારેય સમર્થક રહ્યા નથી.

**વર્ણમાંથી પણ જુદી જુદી જ્ઞાતિઓના ઉદભવ અંગે ગાંધીજીનો આક્રોશ:-**

ગાંધીજી કહે છે "આપણે આપણી જાતને વિશ્વમાં હાસ્યપાત્ર બનાવી દીધી છે, કેમ કે આમાં કોઇ આશ્ચર્ય નથી, આખા વિશ્વમાં એક જ વર્ણના લોકો એકબીજાની અલગતાથી પોતાની જ્ઞાતિના વાડામાં જ રચ્યા પચ્યા રહે જે વિનાશ તરફ પોતાની શક્તિઓને વાળી કહેવાય.

ગાંધીજીનો અન્ય એક વિચાર સમજવા જેવો છે. તેઓ કહે છે અત્યારે વર્ણાશ્રમમાંથી જીવિત હોય તો તે એકમાત્ર શુદ્ર છે. આ એટલા માટે કે શુદ્રો એ લોકોની સેવા કરતા અને હંમેશા અન્ય પર અવલંબિત રહેતા. હાલમાં બ્રાહ્મણો ભાગ્યે જ એવા ગુણ કે લક્ષણ ધરાવે છે જે તેમના વર્ણોને આભારી હોય. વર્ણ ધર્મના ક્ષયથી હિન્દુ ધર્મમાં જ્ઞાતિ જાતિનો સડો વધ્યો છે.

**ગાંધીજીના લખાણોમાં જ્ઞાતિ વ્યવસ્થા અંગેના સંદર્ભો:-**

ગાંધીજીના પોતે લખેલા વિવિધ પુસ્તકો જેવા કે, સત્યના પ્રયોગો, મંગલ પ્રભાત, સર્વોદય, રચનાત્મક કાર્યક્રમો, હિન્દ સ્વરાજ, પાયાની કેળવણી વગેરેમાં ભારતમાં ચાલતી જ્ઞાતિ વ્યવસ્થા વિશેના તેમના વિચારો કે અનુભવોનો સંદર્ભ ટાક્યા વિના રહેતો નથી. તેઓ માનતા કે જ્ઞાતિ વ્યવસ્થા એક પ્રકારનું કલંક અને બંધન હતું અને તે અંતિમ વિભાજન તરફ દોરી ગયું હતું. કારણ કે પેટા જ્ઞાતિઓ સાથે જમવા તથા લગ્નના વ્યવહારો (રોટી બેટીના વ્યવહારો) બહુ સખત હતા. બીજું કે આ વ્યવહારો બુદ્ધિજીવી લોકોમાં પણ સામાન્ય હતા.

**જ્ઞાતિ વ્યવસ્થા અંગેનું ૧૯૦૧ નો બંગાળનો અને ૧૯૧૭ નો ચંપારણનો અનુભવ:-**

૧૯૦૧ માં બંગાળમાં કોંગ્રેસનું વાર્ષિક અધિવેશન યોજાયું હતું જેમાં તેઓ હાજરી આપવા હજારો પ્રતિનિધિઓ અને સ્વયંસેવકોની હાજરીમાં ત્યાં ગયા હતા. તેમને રહેવાની વ્યવસ્થાના ભાગરૂપે બ્લોકમાં નિરીક્ષણ કરતા જણાવ્યું કે, અસ્પૃશ્યતા જેવી બાબતો અંદરો અંદર સ્વયંસેવકો અને વ્યવસ્થાપકોના મગજમાં પણ સામાન્ય હતી.

આગળ તેઓ ૧૯૧૭ માં ચંપારણ પ્રચારની બાબત ટાંકતા લખે છે કે અહીંયા અમુક વકીલ મિત્રો જ્ઞાતિ સભાનતાને લઈને બહુ ચુસ્ત હતા. તેમના નોકર અને રસોઈના રૂમ પણ અલગ હતા. ગાંધીજીની સમજાવટથી તેઓ બંને વચ્ચે રૂમ એકીકૃત કરવા સંમત થયા અને ખર્ચ, સમય અને શક્તિની બચત થઈ.

**અસ્પૃશ્યતા અંગે ગાંધીજી:-**

ગાંધીજીને અસ્પૃશ્યતા સામ્રાજ્યવાદથી પણ વધુ વિકરાળ લાગતી હતી. સામ્રાજ્યવાદ માટે અંગ્રેજો એટલે વિદેશીઓથી લડવાતું હતું, પણ અસ્પૃશ્યતા નિવારણ માટે સૌ પોતાનાઓની સાથે જ લડતા હતા. ગાંધીજી કહેતા 'જ્યાં સુધી હિન્દુ સમાજ અસ્પૃશ્યતાના પાપથી મુક્ત નથી થઈ જતો, ત્યાં સુધી સ્વરાજની પરીકલ્પના શક્ય નથી.' ૧૯૨૦ માં પુનામાં સભા સંબોધતી વખતે કહેલું કે, અમુક માનવજાતને અસ્પૃશ્ય માનવું શૈતાનીપણું છે, તેમના પ્રત્યે નૌકરશાહી જેટલો જ અત્યાચાર બ્રાહ્મણો કરી રહ્યા છે. જ્યાં સુધી અંદરથી શૈતાનીપણું જશે નહીં ત્યાં સુધી બીજાના શૈતાનીયતને કેમ મિટાવિશું ?

**ગાંધીજીના જ્ઞાતિ વ્યવસ્થા અંગેના વિચારોના મુખ્ય અંશો અને પ્રયત્નો:-**

- ગાંધીજી માનતા કે સવર્ણ લોકોના હૃદય પરિવર્તનથી આભડછેડ દૂર કરી શકાય, તેથી તેઓ જાતિભેદ દૂર કરવાના સમર્થક હતા. વર્ણ વ્યવસ્થાથી તેમનો કોઈ વિરોધ નહોતો. આ કારણે જ ગાંધીજી અને આંબેડકર વચ્ચે મતભેદ હતા, આંબેડકર માનતા અસ્પૃશ્યતાનું મૂળ જ વર્ણવ્યવસ્થા છે.
- ગાંધીજીએ જાતિ વ્યવસ્થાને હિન્દુ ધર્મની વિકૃતિ માની હતી.
- ગાંધીજીએ અનુસૂચિત જાતિ માટે હરીજન શબ્દ પ્રયોજ્યો.
- ગાંધીજીએ અનુસૂચિત જાતિ માટે સામાજિક અને આર્થિક ઉત્થાન પર ભાર મૂક્યો.
- તેમણે ૧૯૩૩-૩૪ સુધી અસ્પૃશ્યતા વિરુદ્ધ અભિયાન ચલાવવા ભારત ભ્રમણ કર્યું.
- ૧૯૩૨ માં "હરીજન સેવક સંઘ" ની સ્થાપના કરી.
- અસ્પૃશ્યતા નિવારણ માટે મંદિર પ્રવેશ જેવા મુદ્દા ઉપર ભૂખ હડતાલ કરી.
- ગાંધીજીના સામયિક "યંગ ઇન્ડિયા" માં લખ્યું છે કે, મંદિર, જાહેર કુવા અને જાહેર શાળાઓ બધા જ માટે ખુલ્લા છે.
- હરીજન સેવક સંઘના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન મળ્યું ત્યારે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે. આર. નારાયણ એ કહેલું કે, હરિજન સેવક સંઘનું જો તે છાત્રાલય ન હોત તો હું આજે જીવનમાં કંઈ ન કરી શકેત.
- હરીજન પરિવારને સાબરમતી (અમદાવાદ) આશ્રમમાં સ્થાન આપ્યું.
- લક્ષ્મી નામની દલિત બાળકીને દત્તક લઈ તેના લગ્ન સુધીની જવાબદારી ગાંધીજીએ લીધી હતી.

**ઉપસંહાર:-**

"આ નો ભદ્રા ક્રતવો યંતુ" જેવું વૈદિક ઉચ્ચારણ કરવા વાળો આ સમાજ કેટ-કેટલી જ્ઞાતિગત વિષમતા, વિભિન્ન વિચારો અને અલગ અલગ વાડાઓમાં જીવી રહ્યો છે. પોતપોતાના જુથ હિતો બની રહ્યા છે. નેતાઓ જ્ઞાતિ પ્રથાનો ખૂબ જ ફાયદો ઉઠાવે છે. જાતિભેદ એ નકશલવાદ, આતંકવાદ થી મોટું બીજ છે. ત્યારે ગાંધીજીના વિચારો અત્યારે સાર્થક નીવડે છે, ત્યારે "સબકો સંમતિ દે ભગવાન" ઉક્તિ સાથે ગાંધી વિચાર પર સામાજિક સમતાનું નિર્માણ કરવામાં સહયોગ કરીએ.